**<u>ભુજ રે.સુ.બ.ગુ.ર.નં.૧૭૦/૨૦૨૬ ના કામે અરજદાર ભરત ધનજીભાઇ ઢીલા, રહેવાસી: મોખાણા, કનૈયાબે, ભુજ–કચ્છનાઓની મુદામાલ અરજી તળે હુકમ.</u>**

૧. ઉપરોકત નામવાળા અરજદારે હાલની આ અરજી કરી ઉપરોકત ગુના કામે કબ્જે લેવામાં આવેલ **મુદામાલ વાહન બજાજ ડિસ્કવર ૧૨૫ જેના રજી.નં.જીજે.૧૨.ડી.ડી.૯૪૧૫** વાળું પરત મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે.

૨. અરજદારની અરજી તળે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવતાં તેઓએ આ કામે તેઓનો નકારાત્મક અભિપ્રાય રજુ કરેલ છે તેમજ અભિપ્રાય સાથે પંચનામું તથા મુદામાલ પાવતી રજુ કરેલ છે.

૩. અરજદારની અરજીની મુખ્ય રજુઆત જોવામાં આવે તો તેમની મુખ્ય રજુઆત એવી છે કે, તેઓના આ વાહન ઉપરોકત ગુના કામે કબ્જે લેવામાં આવેલ છે અને જો તે વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડયું રહે તો તેના સ્પેરપાર્ટસને નુકસાન થાય તેમ છે અને અને કેસ ચાલતા લાંબો સમય નીકળી જાય તેમ હોય મુદામાલ પરત કરવા અરજ કરેલ છે.

૪. વિદવાન એ.પી.પી.શ્રી. એ હાલની આ અરજી સામે વાંધો લીધેલ છે અને એવી રજુઆત કરેલ છે કે મુદામાલ વાહન આ કામના આરોપી પાસેથી સદર ગુના કામે કબ્જે કરવામાં આવેલ છે અને આ મુદામાલ જો આ કામના અરજદારને પરત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગંભીર ગુનામાં તેનો ઉપયોગ થઈ શકે છે જેથી મુદામાલ પરત ન કરવાનો અભિપ્રાય રજુ કરેલ છે.

૫. સૌ પ્રથમ જોઈએ તો, આ કામે અરજદારે માર્ક ૩/૧ થી આર.સી.બુકની નકલ, માર્ક ૩/૨ થી આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે તથા સદર મુદામાલ વાહન સંબંધે ફાયનાન્સ બેન્ક તરફથી નો–ઓબ્જેકશન સર્ટી રજુ કરેલ છે. આ આધારોની વિગતો વંચાણે લેવામાં આવે તો એવું જણાઈ આવે છે કે, આ મુદામાલ વાળું વાહન અરજદારની માલિકીનું છે. અરજદારે રજુ કરેલા આ આધારો સંબંધે ફરિયાદ પક્ષે કોઈ વાંધો લેવામાં આવેલ નથી કે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

૬. આમ, પ્રથમદર્શનીય રીતે આ કામે કબ્જે લેવાયેલ વાહન અરજદારના કબ્જા, ભોગવટા તેમજ માલિકીના હોય તેવું જણાઈ આવે છે

અને અરજદારની આ રજુઆત ના માનવાને કોઈ કારણ નથી કે જો મુદામાલ લાંબો સમય સુધી બંધ પડી રહે તો તેના અલગ અલગ પાર્ટસને નુકસાન થઈ શકે છે. આથી સદરહુ મુદામાલનો કબ્જો ચોકકસ શરતોને આધીન અરજદારને પરત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

૭. આમ, અરજદારની અરજી, માલિકી અંગેનો પુરાવો તેમજ મુદામાલ વાહન લાંબો સમય પડી રહે તો નુકસાન થાય તેમ હોય તે હકીકત ધ્યાને લીધી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ ગુજરાત રાજ્ય, એ.આઈ.આર. ૨૦૦૩, એસ.સી. ૬૩૮ નો ચુકાદો લક્ષમાં લઈએ તો તેમાં કરાવ્યા મુજબ મુદામાલ અરજીનો ત્વસ્તિપણે નિકાલ કરવો જોઈએ અને મુદામાલ લાંબો સમય અને બીનઉપયોગી પડી રહેવાથી નુકસાન થાય તેમ હોય તો મુદામાલનો કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશન કે અદાલતમાં અનામત રાખવાનો કોઈ અર્થ રહેતો નથી અને યોગ્ય શરતોને આધિન મુદામાલ કબ્જેદાર/માલિકને પરત કરવો જોઈએ. આમ, આ અરજીની હકીકતો પક્ષકારોની રજુઆતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને રાખી સદર કામે કબ્જે લેવાયેલ મુદામાલ અરજદારને યોગ્ય શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવાનું અત્રેની અદાલતને વાજબી તેમજ ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

૧. અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. ભુજ રે.સુ.બ.ગુ.ર.નં.૧૭૦/૨૦૨૬ ના કામે કબ્જે લેવામાં આવેલ **મુદામાલ વાહન બજાજ ડિસ્કવર ૧૨૫ જેના રજી.નં.જીજે.૧૨.ડી.ડી.૯૪૧૫** વાળો મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી કેસનો આખરી નિકાલ થતાં સુધી નીચે જણાવેલ શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો::**

૧ અરજદારે સદરહુ મુદામાલ કોઈને પણ કોઈપણ રીતે હસ્તાંતરણ, વેચાણ, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવું કે કરાવવું નહીં.

૨ અરજદારે સદરહુ સુદામાલ અદાલત જયાં અને જયારે ફરમાવે ત્યાં અને ત્યારે રજુ કરવાનો રહેશે

૩ અરજદારે મુદામાલની ઓળખમાં કે સ્થિતિમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો કે કરાવવો નહીં.

૪ અરજદારે મુદામાલ આર્ટિકલનો કાયદાથી પ્રતિબંધિત ઉપયોગ કરવો નહી તેમજ ગુન્હાહીત પ્રવૃતિમાં ઉપયોગ ન થાય તેની કાળજી રાખવી.

૫ સંબંધીત તપાસ કરનાર અમલદારે મુદામાલની ઓળખ પુરાવામાં પ્રસ્થાપિત થાય તે રીતે અરજદારને ખર્ચે મુદામાલના રંગીન ફોટા પડાવી તેમજ મુદામાલ પરત સોંપ્યાનું અને મુદામાલની પુરાવામાં સ્પષ્ટ રીતે ઓળખ પ્રસ્થાપિત થાય તે રીતે વિગતવારનું પંચનામું કરી મુદામાલ અરજદારને તેઓના નામ, સરનામા, માલિકી અને ઓળખની ખરાઈ કરીને પરત સોંપવો.

ઉપરોકત મુદામાલ સંબંધીત પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હોય તપાસ કરનાર અમલદારે ઉપરોકત શરતોને આધિન મુદામાલ પંચનામાની વિગતે પરત કરવો અને મુદામાલ પરત કર્યેથી બોન્ડ, પંચનામું વિગેરે અત્રેની અદાલતમાં રજુ કરવા.

આ હુકમની એક નકલ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ થવા મોકલવી.

હુકમ આજરોજ તા: ૦૯ માહે: જુન સને:૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા:૦૯/૦૬/૨૦૨૬
ભુજ–કચ્છ.

(જે.વી.બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.